**અમદાવાદ (ગ્રામ્ય) ના ત્રીજા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

**ક્રિમિનલ કેસ નં. 6361/2020**
આંક:–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : દીનેશજી જીવાનજી ઠાકોર

**ગુનો : ગુજરાત પ્રોહી. એકટની કલમ – ૬૫(એ)(એ) મુજબ.**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ ગુજરાત પ્રોહી.એકટની કલમ – ૬૫(એ)(એ), મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ– ૨૩૧ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપેલ હોવાની ખાત્રી કરી, તેઓ સામે સદર ગુનાનુ તહોમતનામુ ફરમાવી તે અનુસંધાને પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગાર સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અં ગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

સદર કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૬ અન્વયે ગુજરાત **પ્રોહી. એકટની કલમ – ૬૫(એ)(એ)** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને ગુજરાત પ્રોહી.એકટની કલમ – ૬૫(એ)(એ) મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને **રૂા ૧૦૦ /– પુરા (અંકે રૂપિયા સો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ જો દંડ ન ભરે તો **દિન–૨** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૩ મી માહે, સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૩ / ૦૯ /૨૦૨૫
અમદાવાદ (ગ્રામ્ય)

( જી.બી.સિયાગ )
ત્રીજા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
કોડ નં.જીજે૦૧૬૬૮